**બિડાણઃ–** સેકશન અધિકારીશ્રી, કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૨.૧૦.૨૦૧૮ના પત્ર ક્રમાંકઃપરચ /૧૧૧૮/ ૫૭૮૦૭૦/મ.૩

**વિષયઃ–** **રાજયના વહીવટી વિભાગો, ખાતાના વડાઓ તેમજ જિલ્લા, તાલુકા કચેરીઓ, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, બોર્ડ/કોર્પોરેશન/સોસાયટીઓ/ કંપનીઓ/સંસ્થાઓ વિગેરે દ્વારા થતી ખરીદી ફરજીયાતપણે ગવર્નમેન્ટ ઈ–માર્કેટપ્લસ (જી.ઈ.એમ.) પોર્ટલ મારફત કરવા અંગે.**

---

જા.નં.નકૃયુ/રજી/અ.૩.૩/ઈ–માર્કેટપ્લસ (જી.ઈ.એમ.)/૨૦૧૮/૧૦૧૩૩-૮૨/ તાઃ૨૩/૧૦/૨૦૧૮

સામેલઃ ઉપર મુજબ.

ઈ/ચા.કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

<u>નકલ સવિનય રવાનાઃ</u>– અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટના અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ

૨/– સેકશન અધિકારીશ્રી, કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૨.૧૦.૨૦૧૮ના સામેલ પત્રમાં જણાવ્યા મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ–માર્કેટપ્લસ (જી.ઈ.એમ.) પોર્ટલ મારફત કરવા અંગે અમલ થવા સારુ.

તાત્કાલિક / સમય મર્યાદા

ક્રમાંક: પરચ/૧૧૧૮/૫૭૮૦૭૦/મ-3

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

ફોન નં. ૦૭૯-૨૩૨૫૦૮૪૯

Email : so-m3-agri@gujarat.gov.in

તારીખ : ૧૨/૧૦/૨૦૧૮

પ્રતિ,

- ખેતી નિયામકશ્રી, કૃષિ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- બાગાયત નિયામકશ્રી, કૃષિ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પશુપાલન નિયામકશ્રી, કૃષિ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ખાંડ નિયામકશ્રી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લી., બલરામ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય બીજ નિગમ લી., સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સી, શ્યામલ રો હાઉસ, સેટેલાઇટ, અમદાવાદ.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય વેર હાઉસિંગ કોર્પોરેશન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય ઘેટાં અને ઊન વિકાસ નિગમ લી., ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય કૃષિ બજાર બોર્ડ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કુલ સચિવશ્રી, આણંદ/નવસારી/જુનાગઢ/દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી જિ- બનાસકાંઠા.
- રજિસ્ટ્રારશ્રી, કામધેનુ યુનિવર્સિટી, કર્મયોગી ભવન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- સભ્ય સચિવ સહ સંયુક્ત પશુપાલન નિયામકશ્રી, ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત રાજ્ય સહકારી ટ્રિબ્યુનલ, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ.
- મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રી, નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ, સહકાર ખાતું, કૃષિ ભવન, પાલડી અમદાવાદ.

આપનો વિશ્વાસુ,

(એન. ડી. વાઘેલા)

સેક્શન અધિકારી

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

બિડાણ : ઉપર મુજબ

A31/A.3.2.
Circulate on web.
22/10

કુલસચિવ વિભાગ, ન.કૃ.યુ., નવસારી
ઇ.નં. ૭૧૯૫
23 OCT 2018
એડીએમ-૩ શાખા

22 OCT 2018

કૃષિ અને સહકાર વિભાગ
આવક નં. 3
- 4 OCT 2018
578070

રાજયના વહીવટી વિભાગો, ખાતાના વડાઓ તેમજ જિલ્લા, તાલુકા કચેરીઓ, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, બોર્ડ / કોર્પોરેશન / સોસાયટીઓ/ કંપનીઓ / સંસ્થાઓ વિગેરે દ્વારા થતી ખરીદી ફરજીયાતપણે ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ મારફત કરવા અંગે.

ગુજરાત સરકાર
ઉધોગ અને ખાણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ એસપીઓ-૧૦૨૦૧૫-૬૧૦૯૩-ચ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૧/૧૦/૨૦૧૮

વંચાણે લીધાઃ-

(૧) અત્રેના વિભાગનો સમાન ક્રમાંકનો તા.૧૪/૦૮/૨૦૧૭ નો ઠરાવ.

(૨) અત્રેના વિભાગનો સમાન ક્રમાંકનો તા.૦૪/૧૦/૨૦૧૭ નો ઠરાવ.

(૩) ભારત સરકારના વાણિજ્ય સચિવશ્રીનો તા.૨૦/૦૮/૨૦૧૮ નો પત્ર ક્રમાંકઃ D.O No.67/CEO-GEM/2018

આમુખઃ-

ભારત સરકારના નિર્દેશ અનુસાર ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલની ડી.જી.એસ.એન્ડ.ડી. દ્વારા નેશનલ ઇ-ગર્વનન્સ ડીવીઝનની સહાયથી રચના કરવામાં આવેલ છે. ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ એ સરકારી ખરીદીઓ માટેનું સંપૂર્ણપણે ઓનલાઇન સેવા પૂરી પાડતુ પોર્ટલ છે. પ્રસ્તુત પોર્ટલ શ્રેષ્ઠ કાર્યક્ષમતા તેમજ પારદર્શીતા પૂરી પાડે છે.

પ્રસ્તુત બાબતે ભારત સરકારના ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલના ઉપયોગ માટે રાજય સરકાર વતી ઉધોગ અને ખાણ વિભાગ દ્વારા ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.), ભારત સરકાર સાથે તા.૧૧/૭/૨૦૧૭ના રોજ એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે.

ચીજવસ્તુઓ તેમજ સેવાઓ પૂરી પાડતા રાજયના સ્થાનિક ઉત્પાદક તેમજ વિક્રેતાઓના હિતમાં તેમજ આવા સ્થાનિક ઉત્પાદક તેમજ વિક્રેતાઓ પાસેથી જ વધુમાં વધુ સરકારી ખરીદી થઇ શકે તે હેતુને ધ્યાને લઇ રાજય સરકારના તમામ વિભાગો, ખાતાના વડાની કચેરીઓ, ક્ષેત્રીય કચેરીઓ તેમજ રાજયના વહીવટી

AB 11/10

વિભાગો, ખાતાના વડાઓ તેમજ જિલ્લા, તાલુકા કચેરીઓ વિગેરે દ્વારા થતી ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ મારફત રાજયના આવા વધુમાં વધુ સ્થાનિક વિક્રેતાઓ ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન કરાવે તે માટે તેમને પ્રોત્સાહિત કરવા તેમજ તેમના રજીસ્ટ્રેશનની કાર્યવાહી માટે જરૂરી તમામ પ્રયત્નો/સહાયતા કરવા જરૂરી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

રાજય સરકારના તમામ રાજયના બોર્ડ/કોર્પોરેશન/સોસાયટીઓ/કંપનીઓ/સંસ્થાઓ વિગેરે દ્વારા થતી ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ મારફત તેમની જરૂરીયાત અનુસાર વિવિધ ખરીદીઓ કરવામાં આવે છે. જે અંગે અગાઉ ઉપર વંચાણે લીધેલ ક્રમાંક-(૧) થી જરૂરી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે તેમજ રાજય સરકારના વહીવટી વિભાગો તેમજ ખાતાના વડાની કચેરીઓ અને જીલ્લા તાલુકા કક્ષાની કચેરીઓ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ પણ તેમના દ્વારા કરાતી ખરીદીઓ ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ મારફત કરે તે બાબતે ઉપર વંચાણે લીધેલ ક્રમાંક-(૨) થી જરૂરી સુચના આપવામાં આવેલ છે.

ઉપર વંચાણે લીધેલ ક્રમાંક-(૩) થી ભારત સરકાર દવારા રાજ્ય સરકારો દ્વારા કરાતી સરકારી ખરીદી માત્ર ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) ના માધ્યમથી જ કરવામાં આવે તે માટે "ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પખવાડા" નું આયોજન કરવામાં આવેલ છે અને તમામ રાજ્ય સરકારો દ્વારા વહીવટી વિભાગો, તાબાની કચેરીઓ, જીલ્લા તેમજ તાલુકા કક્ષાની તમામ કચેરીઓમાં સેમિનાર, વર્કશોપના આયોજન દવારા વિક્રેતાઓ અને ખરીદી કરતી કચેરીઓ ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) ઉપર રજીસ્ટ્રેશન વધુમાં વધુ થાય તેવા પ્રયત્નો કરવાના રહે છે.

<u>ઠરાવઃ-</u>

અત્રેના વિભાગ દ્વારા ઉપર વંચાણે લીધેલ ક્રમાંક-(૧) તેમજ (૨) ના ઠરાવો દ્વારા જરૂરી સુચનાઓ પ્રસિધ્ધ કરેલ હોવા છતાં એવું ધ્યાને આવેલ છે કે રાજય સરકારના વહીવટી વિભાગો તેમજ ખાતાના વડાની કચેરીઓ અને જીલ્લા તાલુકા કક્ષાની કચેરીઓ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, રાજયના બોર્ડ/કોર્પોરેશન/સોસાયટીઓ/કંપનીઓ/સંસ્થાઓ તેમના દ્વારા કરવામાં આવતી તમામ સરકારી ખરીદીઓ સંપૂર્ણપણે ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) ના માધ્યમથી કરવામાં આવતી નથી. આથી પુખ્ત વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે હવેથી રાજય સરકારના વહીવટી વિભાગો તેમજ ખાતાના વડાની કચેરીઓ અને જીલ્લા તાલુકા કક્ષાની કચેરીઓ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, રાજયના બોર્ડ/કોર્પોરેશન/સોસાયટીઓ/કંપનીઓ/સંસ્થાઓ તેમના દ્વારા કરવામાં આવતી તમામ સરકારી ખરીદીઓ સંપૂર્ણપણે ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) ના માધ્યમથી જ કરવાની રહેશે અને જો કોઇ સંજોગોમાં આમ કરવું શક્ય ન હોય તો તેવી ખરીદી પુરતુ વ્યાજબી કારણસહ જરૂરી

દરખાસ્ત કરી અગ્ર સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ અથવા ઉદ્યોગ કમિશ્નરશ્રીની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે.

પ્રસ્તુત ઠરાવ રાજ્ય સરકારશ્રીની અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આનંદ બિહોલા)
નાયબ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ,

(૧) માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
(૨) માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય.
(૩) માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી.
(૪) માન.કેબીનેટ મંત્રીશ્રીઓ (તમામ) ના અંગત સચિવશ્રીઓ.
(૫) માન.રા.ક.મંત્રીશ્રીઓ (તમામ) ના અંગત સચિવશ્રીઓ.
(૬) મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી.
(૭) સચિવાલયના સર્વે વિભાગો (સંબંધિત વિભાગ હેઠળના વહીવટી વિભાગો, ખાતાના વડાઓ તેમજ જિલ્લા, તાલુકા કચેરીઓ, બોર્ડ/કોર્પોરેશન/સોસાયટીઓ/કંપનીઓ/સંસ્થાઓને જાણ કરવાની વિનંતી સહ.)
(૮) અધિક ઉદ્યોગ કમિશ્નરશ્રી, સરકારી ખરીદી (સી.એસ.પી.ઓ.), ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
(૯) તમામ કલેકટરશ્રીઓ
(૧૦) તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
(૧૧) પસંદગી ફાઇલ.